

# સ્ટાર પાવર ખતમ? કન્ટેન્ટ જ રાજા!

બોલિવૂડ બાજાર

ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં હિન્દી સિનેમાને લાંબા સમયથી મુખ્ય સ્થાન મળતું આવ્યું છે. પરંતુ છેલ્લા થોડા વર્ષોમાં હિન્દી ફિલ્મોની સ્થિતિ વિશે સતત ચર્ચાઓ થઈ રહી છે. બોક્સ ઓફિસ પર કેટલાક મોટા બજેટની ફિલ્મો નિષ્ફળ જતા, બીજી તરફ સાઉથ ઈન્ડિયન ફિલ્મોની વધતી લોકપ્રિયતા અને ઓટીટી પ્લેટફોર્મ્સના ઉદયે હિન્દી ફિલ્મ ઉદ્યોગ સામે નવા પડકારો ઊભા કર્યા છે. આ પરિસ્થિતિ વિશે અનેક જાણીતા ફિલ્મમેકર્સે પોતાના વિચારો રજૂ કર્યા છે.

પ્રિયદર્શન, જે હાલમાં ‘ભૂત બાંગ્લા’ અને ‘હેરા ફેરી ૩’ જેવી ફિલ્મો સાથે હિન્દી સિનેમામાં કમબેક કરી રહ્યા છે, પ્રિયદર્શને બોલિવૂડની ‘એન્ટુરેજ કલ્ચર’ની ખૂબ ક્રિટિસિઝમ કરી છે. “હું આને નફરત કરું છું. એક્ટર્સ સાથે મોટી ટીમ આવે છે - મેનેજર, અસિસ્ટન્ટ, સ્ટાઈલિસ્ટ - જેઓ કંઈ કરતા નથી પરંતુ પૈસા કમાય છે. સેટ પર તેઓ મારા વ્યૂ બ્લોક કરે છે. આ થાકાવનું છે.” તેમણે વધુમાં કહ્યું કે હિન્દી સિનેમામાં લેખકો અને ડાયરેક્ટરોને મર્યાદિત સ્વતંત્રતા છે. ફોર્મ્યુલા અને રિપિટિશન વધુ છે, જ્યારે મલયાલમ સિનેમા વાર્તા પર આધારિત છે. પ્રિયદર્શનના મતે હિન્દી ફિલ્મોમાં કન્ટેન્ટની મૂળિયતાનો અભાવ જોવા મળે છે. તેઓ માને છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં રીમેક ફિલ્મો પર અતિશય નિર્ભરતા વધી ગઈ છે. સાઉથ ઈન્ડિયન ફિલ્મોની સફળતા પછી હિન્દી ઉદ્યોગે ઘણી વાર તેમની ડાયરેક્ટ કોપી કરવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ દર્શકો હવે નવી અને પ્રામાણિક વાર્તાઓ ઈચ્છે છે. તેમના અનુસાર, ફિલ્મો લોકોના જીવન અને સંસ્કૃતિ સાથે જોડાયેલી હોવી જોઈએ.

વિશાલ ભારદ્વાજ, જેમની તાજેતરની ‘ઓ રોમિયો’ને લુકવોર્મ રિસ્પોન્સ મળ્યો, તેમણે માર્ચ ૨૦૨૬માં કહ્યું કે “સારું સિનેમા ઊંડા સંઘર્ષમાંથી પસાર થઈ રહ્યું છે. અમે ફિલ્મમેકિંગના મુશ્કેલ તબક્કામાં છીએ.” તેમણે OTT અને થિયેટર વચ્ચેના ટગ-ઓફ-વોરને નિંદા કરી: “પ્રોડ્યુસર કહે છે થિયેટરમાં રિલીઝ કરો, OTT કહે છે પહેલા થિયેટરમાં રિલીઝ કરો. સારી ફિલ્મો આ પ્રક્રિયામાં હારી જાય છે.” વધતા ટિકિટ ભાવ અને દર્શકોની બદલાતી આદતોને કારણે ‘હાર્ટ અને સેન્સિબિલિટી’વાળી ફિલ્મોને ફંડિંગ મેળવવું મુશ્કેલ બન્યું છે. તેમણે કહ્યું કે વિશ્વભરમાં આ તબક્કો છે અને ક્રાંતિકારી પગલું જરૂરી છે.

સુભાષ ઘઈએ પણ જણાવ્યું હતું કે હિન્દી ફિલ્મ ઉદ્યોગે પોતાની મૂળ વાર્તાઓ તરફ પાછું વળવું જોઈએ. તેઓ માને છે કે 1980 અને 1990ના દાયકામાં ફિલ્મોમાં ભારતીય મૂલ્યો, સંગીત અને મનોરંજનનું સંતુલન જોવા મળતું હતું. આજે ટેકનિકલ ગુણવત્તા વધેલી હોવા છતાં ઘણી ફિલ્મોમાં ભાવનાત્મક જોડાણ ઓછું દેખાય છે. તેમણે ક્લાસિક્સને રિક્રિએટ કરવાના ટ્રેન્ડ પર વાત કરતાં કહ્યું કે “ઓલ્ડ ઈઝ ગોલ્ડ” - સારી સ્ક્રિપ્ટ, સારું મ્યૂઝિક અને કેરેક્ટરનું સિલેક્શનનો યુગ હતો. આજે લવ અને સપોર્ટની અછત છે. તેમના મુજબ ફિલ્મ ઉદ્યોગમાં નોસ્ટાલ્જિયા અને મૂળ સર્જનાત્મકતાની જરૂરિયાતને અન્ડરલાઈન કરે છે.

બીજી તરફ કિરણ રાવનું માનવું છે કે હાલનો સમય પરિવર્તનનો સમય છે. ઓટીટી પ્લેટફોર્મ્સના આગમન પછી દર્શકો પાસે વિવિધ પ્રકારનું કન્ટેન્ટ ઉપલબ્ધ થયું છે. તેથી ફિલ્મમેકર્સ માટે હવે વધુ ક્રિએટિવ બનવું જરૂરી છે. તેઓ કહે છે કે નાના બજેટની પણ અર્થપૂર્ણ ફિલ્મો આજે વધુ પ્રેક્ષકો સુધી પહોંચી શકે છે.

**છેલ્લા કેટલાક વર્ષોમાં હિન્દી ફિલ્મ ઉદ્યોગ અનેક પડકારો સામે ઉભો છે. દક્ષિણ ભારતીય ફિલ્મોની વધતી સફળતા, ઓટીટી પ્લેટફોર્મ્સનો પ્રભાવ અને બદલાતી દર્શક પસંદગીએ બોલીવૂડને આત્મમંથન કરવા મજબૂર કર્યું છે. આવા સમયમાં ઘણા જાણીતા દિગ્દર્શકો હિન્દી સિનેમાની હાલની સ્થિતિ અને તેના ભવિષ્ય વિશે મહત્વપૂર્ણ વિચારો વ્યક્ત કરી રહ્યા છે**

આ સાથે જ રાજકુમાર હિરાનીનું માનવું છે કે સારી વાર્તા હંમેશાં પોતાની જગ્યા બનાવી લે છે. તેઓ કહે છે કે જો ફિલ્મમાં માનવતાનો સ્પર્શ હોય, હાસ્ય અને લાગણીનું સંતુલન હોય તો દર્શકો તેને સ્વીકારશે જ. તેમના મતે ફિલ્મમેકર્સે ટ્રેન્ડને અનુસરવા કરતાં પોતાની વાર્તા પર વિશ્વાસ રાખવો જોઈએ. ઈમાનદારીથી ફિલ્મ બનાવો.” તેમણે AIનો ઉપયોગ કરીને શોર્ટ ફિલ્મ બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી અને પાઈરસી, OTT તથા ઉદ્યોગમાં ઘટતી ફિલ્મોની ચિંતા વ્યક્ત કરી. સંજયલીલા ભણસાલી, જેમની ‘લવ એન્ડ વોર’ ૯૦% પૂર્ણ છે અને રિશોટ્સ વચ્ચે પણ ગ્રાન્ડ વિઝન જાળવી રાખે છે, તેમણે ઉદ્યોગની સ્થિતિ પર સીધું ન કહ્યું, પરંતુ તેમની ફિલ્મો અને રિપબ્લિક ડે પરેડ ૨૦૨૬ માટે સિનેમાનું ટેબ્લો ડિઝાઈન કરવાની પસંદગી દર્શાવે છે કે ગ્રાન્ડ, પેશનવાળી સિનેમા હજુ જીવંત છે. કોર્પોરેટ ફંડિંગના ટ્રેન્ડમાં તેઓ પણ સામેલ છે.

અનુરાગ કશ્યપ, જેમણે ૨૦૨૫માં મુંબઈ છોડી દીધું, તેમણે ઉદ્યોગને ‘ટોક્સિક’ કહ્યો. તેમણે કહ્યું, “બોલિવુડ પુષ્પા જેવી ફિલ્મ ન બનાવી શકે કારણ કે તેમના મગજમાં દિમાગ નથી - તેઓ યુનિવર્સ બનાવવામાં વ્યસ્ત છે.” તેમણે કહ્યું કે લોકો તેમને અવોઈડ કરે છે, તેમને ‘બેડ ન્યૂઝ’ માને છે. ઉદ્યોગમાં એકતા નથી અને લોકો સિનેમા પર ચર્ચા પણ નથી કરતા. તેમણે AIની પણ ટીકા કરી અને દક્ષિણ તરફ વળવાની વાત કરી.

અનુરાગ બાસુએ ૨૦૨૫માં હિન્દી ઉદ્યોગને કોરિયન સિનેમા જેટલો ‘યંગ’ કહ્યો. તેમણે કહ્યું, “અમારી ફિલ્મો માત્ર ભારતીયો અને ડાયસ્પોરા જુએ છે. વૈશ્વિક પ્રેક્ષકો નથી.” મુખ્ય સ્ટ્રીમ સિનેમા હજુ ભારતીય પ્રેક્ષકો માટે જ છે.

તેમણે ટ્રમ્પના ટેરિફને ‘બ્લેસિંગ ઈન ડિસ્ગાઈઝ’ કહ્યું, જો ભારત પણ હોલીવુડ પર પ્રતિસાદ આપે તો.

આ સાથે જ ઓટીટી પ્લેટફોર્મ્સના વધતા પ્રભાવને અવગણવામાં નથી આવી શકતા. હવે દર્શકો ઘરે બેઠા વિશ્વભરના કન્ટેન્ટ જોઈ શકે છે. તેથી ફિલ્મમેકર્સ માટે સ્પર્ધા વધુ કઠિન બની ગઈ છે. પરંતુ આ પડકારો સાથે નવા અવસર પણ જોડાયેલા છે. નવા લેખકો, નવા વિષયો અને નવી શૈલીઓ હિન્દી સિનેમાને નવી દિશા આપી શકે છે.

હિન્દી ફિલ્મ ઉદ્યોગનું ભવિષ્ય તેની ક્રિએટિવિટી અને ઓનેસ્ટીમાં પાયામાં હોવું જોઈએ. જો ફિલ્મમેકર્સ ઑડિયન્સની બદલાતી પસંદગીને સમજીને નવી અને અર્થપૂર્ણ વાર્તાઓ રજૂ કરશે, તો હિન્દી સિનેમા ફરીથી પોતાના સુવર્ણ યુગ તરફ આગળ વધી શકે છે. ●

# અનિલ રાહી બાર્વે ઘરે જ કોમ્પ્યુટર પર જ ફિલ્મ બનાવી!



ડાયરેક્ટર્સ કટ

બોલિવૂડમાં મોટા બજેટમાં ફિલ્મોની વાત આવે ત્યારે તે ફિલ્મની શરૂઆતથી જ ચર્ચામાં રહેતી હોય છે. બોલિવૂડમાં તો 500-700 કરોડ રૂપિયાના બજેટમાં ફિલ્મો ઘણી બની છે અને અમુક મોટા બજેટની ફિલ્મ ખરાબ રીતે ફ્લોપ રહી છે. ત્યારે ‘તુમ્બાડ’ ફેમ ડિરેક્ટર અનિલ રાહી બર્વે પોતાની નવી ફિલ્મ ‘મન પિશાચ’ માત્ર 33 હજાર રૂપિયામાં બનાવી છે. ફિલ્મનું ટ્રેલર પણ ધૂમ મચાવી રહ્યું છે. જાણો, આટલા ઓછા બજેટમાં કેવી રીતે બની હતી આ ફિલ્મ.

અનિલ રાહી બર્વેએ ખૂબ જ ઓછા બજેટમાં ફિલ્મ ‘તુમ્બાડ’ 2018 મ ાં બનાવી હતી, તેને દર્શકોએ ખૂબ પસંદ કરી હતી. તુમ્બાડ હોરર ટાઈપમાં કલ્ટ મૂવી બની. હાલમાં જ તેની ફિલ્મ ‘માયાસભા’ પણ રિલીઝ થઈ હતી. હવે ડિરેક્ટરે એક નવું કારનામું કર્યું છે, અનિલ રાહીએ આવનારી ફિલ્મ ‘મન પિશાચ’નું બજેટ 33 હજાર હતું. ફિલ્મનું ટ્રેલર પણ સામે આવ્યું છે.

ડિરેક્ટર અનિલ રાહી બર્વેએ તેમના ઈન્સ્ટાગ્રામ પર ફિલ્મ ‘મન પિશાચ’નું ટ્રેલર અને તેના પ્રોડક્શનની સાથે જોડાયેલી માહિતી શેર કરી હતી. મન પિશાચ હોરર ફિલ્મ છે. ફિલ્મમાં એક માણસ જૂના મંદિરની શોધમાં હોય છે, પરંતુ તેની યાત્રા દરમિયાન તેને ખતરનાક વસ્તુઓનો સામનો કરવો પડે છે.

ટ્રેલરમાં દરેક જગ્યાએ વેમ્પાયર અને ભૂત જોવા મળે છે. સિન ખૂબ જ ડરામણા છે, તેને જોઈને આત્મા કંપી જશે. આ 80 મિનિટની ફિલ્મ હોમ પીસી પર બનાવવામાં આવી છે, તેમાં બે એક્ટર્સ યાનિયા ભારદ્વાજ અને દીપક દામલે છે. કલાકારોના અભિનયને ફોન પર રેકોર્ડ કરવામાં આવ્યો હતો, 60 પાનાની વાર્તા લખવામાં આવી હતી. આ ફિલ્મ હાથથી બનાવેલા સ્ટોરીબોર્ડ, ફોટોશોપ, જનરેટિવ એઆઈ ટૂલ્સ અને આફ્ટર ઈફેક્ટનો ઉપયોગ કરીને બનાવવામાં આવી છે. આ પોસ્ટમાં અનિલ બર્વે જણાવે છે કે ફિલ્મ બનાવવાનો કુલ ખર્ચ 33 હજાર રૂપિયા છે.

ડિરેક્ટર અનિલ રાહીનો આ પ્રયોગ પાછળ એક પ્રશ્ન હતો. શું આર્થિક રીતે નબળા ફિલ્મ નિર્માતા એકલા હાથે સંપૂર્ણ ફિલ્મ બનાવી શકે? જો આ ફિલ્મ જોયા પછી એક સંઘર્ષશીલ અભિનેતાને પણ પ્રેરણા મળે તો આ પ્રયોગ સફળ થશે! ●

# સસ્પેન્સ સાથે થ્રિલરનો અનુભવ કરાવતી ‘ક્રોસ સિઝન -2

વેબ-વૉચ

પ્રાઈમ વિડિયો પર હમણા હમણા ઘણા નવા શો અને નવી સિરિઝ આવી છે. તેમાં ‘ક્રોસ’ સિઝન 2 કોઈપણ ધામધૂમ વિના શરૂ થાય અને તરત જ એક્શનમાં આવે છે. તેની શરૂઆત અબજોપતિ પ્લેબોયની હત્યાથી થાય છે. તરત જ, અન્ય શ્રીમંત વેપારી, લાન્સ ડ્યુરાન્ડ, જાનથી મારી નાખવાની ધમકીઓ મળ્યા પછી એફબીઆઈનો સંપર્ક કરે છે. તપાસ પછી હત્યારાને ઓળખવા પર ફોકસ કરે છે, જે દરેક ગુનાના સ્થળે કડીઓ છોડી દે છે. સિરિઝ સ્ટ્રેસ ધીમે ધીમે બિલ્ડ કરવા માટે પરવાનગી આપે છે. વાતાવરણ ગંભીર છે, લગભગ સંયમિત છે. તમે અનુભવી શકો છો કે લેખકો આ સિઝનને અગાઉની સિઝન કરતાં વધુ મહત્ત્વપૂર્ણ બનાવવા માગે છે. શું આ ગંભીરતા એક ઉત્તેજક નાટકમાં ટ્રાન્સલેટ થશે તે અનસરટેન છે, પરંતુ પહેલા ત્રણ એપિસોડ સ્પષ્ટ ઈરાદા અને વધુ ધીરજ દર્શાવે છે. એવું લાગે છે કે શો કેટલો સખત હિટ કરવા માંગે છે તે નક્કી કરતા પહેલા તે થોડો શ્વાસ લઈ રહ્યો છે.

આ કેસ એક પાવરફુલ વ્યક્તિની હત્યાથી શરૂ થાય છે જેની જાહેર થયેલો ફોટો તે વ્યક્તિના મુશ્કેલીગ્રસ્ત ભૂતકાળને છુપાવે છે. એલેક્સ ક્રોસ (એલ્ડિસ હોજ), ડિટેક્ટીવ જ્હોન સેમ્પસન (ઈઝાયા મુસ્તફા) અને એફબીઆઈ એજન્ટ કાયલા ક્રેગ (એલોના ટોલ) સાથે મળીને કામ કરે છે, ટૂંક સમયમાં સમજે છે કે આ કોઈ અલગ ગુનો નથી. પીડિતોમાં એક વસ્તુ સામાન્ય છેઃ પ્રભાવ કે જેણે એકવાર તેમને સુરક્ષિત કર્યા. જેમ જેમ ટીમ વધુ ઊંડી શોધ કરે છે તેમ, કેસ એકલા ખૂનીથી વધુ જટિલ કાવતરામાં ફેરવાય છે. એફબીઆઈ તરફથી કાયલા ક્રેગનું ઈન્વોલમેન્ટ ઈન્વેસ્ટિગેશન એક નવો ટ્વિટ્સ લાવે છે, ખાસ કરીને જ્યારે ફેડરલ હિતો અને લોકલ પોલીસિંગ ચોક્કસરીતે ગોઠવાયેલું ન હોય. ત્રીજા એપિસોડના અંત સુધીમાં, પેટર્ન સ્પષ્ટ થઈ જાય છેઃ કોઈ એવા લોકોને લક્ષ્ય બનાવી રહ્યું છે જેમને ક્યારેય જવાબદાર ગણવામાં આવ્યા નથી.



**‘ક્રોસ’ સિઝન 2 કોઈપણ ધામધૂમ વિના શરૂ થાય છે. શો તમને ભારે વળાંકો સાથે જોડવાનો પ્રયાસ કરતું નથી અને ઝડપથી એક્શનમાં આવે છે**

મોટાભાગનું ટેન્શન એક્શન સીનને બદલે ડાયલોગ અને રિવિલેશનથી આવે છે. આ પસંદગી વાર્તાને શ્વાસ લેવા માટે જગ્યા આપે છે, પરંતુ તે ગતિ પણ ધીમી કરે છે. કેટલાક સીન જરૂરી કરતાં વધુ લાંબા સમય સુધી ચાલે છે અને કેટલીક ભાવનાત્મક ક્ષણો ક્રોસના કામના બોજ અને તેની પત્નીની ખોટ પરના તેના દુઃખનું રિપિટેશન કરે છે. તે નીરસ નથી, પરંતુ કેટલીકવાર એવું લાગે છે કે તે આગળ વધવાને બદલે તેની ગતિ ધીમી કરી રહ્યું છે. જો તે વધુ સારી રીતે ફિલ્માંકન કરવામાં આવ્યું હોત તો તણાવ વધુ મજબૂત હોત. આ સિરિઝમાં ક્રોસ અને કાયલા વચ્ચેના પ્રેમ સંબંધ અને ફોજદારી કેસમાં જ્હોનની માતાની ધરપકડ બાદ તેની હાજરી પણ દર્શાવવામાં આવી છે. એલ્ડિસ હોજે સિરિઝ માટે મજબૂત પાયો પૂરો પાડ્યો છે. તેની એક્યુરેટ એક્ટિંગ અને વિચારશીલ છે, કદી ઉદ્ધત નથી. તે ક્રોસને બુદ્ધિશાળી અને આતુર આંખોવાળો બતાવે છે, એક માણસ જે બોલતા પહેલા સાંભળે છે. પહેલા ત્રણ એપિસોડના આધારે, સીઝન 2 ફોકસ અને ટોનમાં સુધારો થયો હોવાનું જણાય છે. તે વધુ આયોજિત અને ઓછા વેરવિખેર લાગે છે. તેમ છતાં, જો સિઝન મજબૂત બનવાની હોય તો ગતિમાં વધારો કરવાની જરૂર છે.

લોકો હમણાં પ્રાઈમ પર ક્રોસ સિઝન 2 ને જોવે છે અને જો તમને પણ આવી મગજને ચકરાવે ચડાવે તેવા શો જોવા હોય તો ક્રોસ સિઝન 2 જોવાલાયક અને રસપ્રદ છે. ●

# ‘વન બેટલ આફ્ટર અનધર’એ રચ્યો ઈતિહાસ

હોલિવૂડ નાઇટ્સ

ફિલ્મ જગતનો સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ શો, એકેડેમી એવોર્ડ્સ (ઓસ્કાર ૨૦૨૬), આ વર્ષે અનેક રીતે યાદગાર રહ્યો. આ એવોર્ડ્સ નાઈટ્સનું મોટું આકર્ષણ પોલ થોમસ એન્ડરસનની ફિલ્મ ‘વન બેટલ આફ્ટર અનધર’ રહી, જેણે કુલ ૬ ઓસ્કાર જીતીને આ વર્ષના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે.

સામાન્ય રીતે ઓસ્કરમાં ગંભીર વિષયો પર આધારિત ફિલ્મોનું વર્ચસ્વ જોવા મળતું હોય છે, પરંતુ ‘વન બેટલ આફ્ટર અનધર’ એ આ પેટર્નને બદલી નાખી છે. આ એક એક્શન-કોમેડી ફિલ્મ છે, જેણે ઑડિયન્સ અને ક્રિટિક્સ બંનેના દિલ જીતી લીધા છે. ફિલ્મની વાર્તા એક પોલિટિકલ રેવોલ્યુશનની આસપાસ ફરે છે, જેને મનોરંજન અને ગંભીરતાના સચોટ મિશ્રણ સાથે રજૂ કરવામાં આવી છે.

આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકામાં હોલિવૂડના સુપરસ્ટાર લિયોનાર્ડો ડિકાપ્રિયો છે. ડિકાપ્રિયોએ પોતાની અદભૂત એક્ટિંગ દ્વારા પાત્રમાં જીવ રેડી દીધો છે. પોલિટિકલ રેવોલ્યુશનના વિષય પર બનેલી આ ફિલ્મમાં તેમની ભૂમિકાને આ વર્ષની સૌથી પ્રભાવશાળી એક્ટિંગ માનવામાં આવે છે.

નોમિનેશનની વાત કરીએ તો, આ ફિલ્મ ‘સિનર્સ’ પછી સૌથી વધુ નોમિનેશન મેળવનાર બીજી ફિલ્મ બની હતી. જોકે, જીતની બાબતમાં તે સૌથી આગળ નીકળી ગઈ અને કુલ ૬ કેટેગરીમાં એવોર્ડ મેળવીને ઈતિહાસ રચી દીધો. પોલ થોમસ એન્ડરસનની ડાયરેક્શન કેપેસિટીએ ફરી એકવાર સાબિત કરી દીધું કે તેઓ આધુનિક સિનેમાના દિગ્ગજ ડાયરેક્ટર છે.

ઓસ્કર ૨૦૨૬ની આ રાત ‘વન બેટલ આફ્ટર અનધર’ના નામે રહી. આ જીતે દર્શાવ્યું છે કે જો વિષય મજબૂત હોય અને રજૂઆત અનોખી હોય, તો એક્શન-કોમેડી જેવી ફિલ્મો પણ વિશ્વના સૌથી મોટા મંચ પર સફળતા મેળવી શકે છે. સિનેમા પ્રેમીઓ માટે આ વર્ષ ખરેખર ઉત્સાહજનક રહ્યું છે. ●

